# માનવી અને પ્રકૃતિનો સંબંધ

માનવી અને પ્રકૃતિનો સંબંધ અદ્ભુત છે. જ્યાં પ્રકૃતિનું રાજ હોય છે, ત્યાંનો માણસ પણ ધીરજવાન અને નિરભ્રાંત શાંતિ ધરાવતો જોવા મળે છે. આવો શાંતિપ્રદેશ અને પ્રકૃતિપ્રદેશ એટલે મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યની પૂર્વ સીમા પર આવેલ સાતપુડાની ગિરિમાળાનો પ્રદેશ. ગુજરાતના નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના ગિરિમથક માલસામોટ (ઊંચાઈ ૨૧૦૦ ફૂટ)ની નજીક આવેલા મહારાષ્ટ્રના અક્કલકૂવા તાલુકાનાં ગામો લીલીછમ ગિરિમાળાના ખોળે વસેલા છે. ચારેબાજુ ઊંચી ગિરિમાળાઓ અને બાજુમાં ઊંડી ખીણો આ પ્રદેશના સૌંદર્યમાં ચાર ચાંદ લગાવે છે.

અહીંની ગિરિમાળાની ઊંચાઈ રાજપીપળાની ટેકરીઓ કરતાં વધુ છે. રાજપીપળાના ડુંગરો લીલાછમ વૃક્ષોથી ઢંકાયેલા છે. મહુડો, આંબો, સાગ, તાડી, સાદડ, નાળિયેરી વગેરે વૃક્ષોનું સામ્રાજ્ય અહીં જોવા મળે છે. પરંતુ મહારાષ્ટ્રમાં આવેલા મુલગી તેમજ દહેલ ઘાટ તરફ જવાના રસ્તા પર તેનાથી પણ ઊંચી ટેકરીઓ લગભગ નિર્વૃક્ષ જોવા મળે છે. ચોમાસામાં ફરવા જનારને અહીં અલગ જ દશ્ય જોવા મળે છે. વરસાદી ઋતુમાં ડુંગરો પર જાણે લીલીછમ ચાદર પાથરાઈ હોય તેમ લાગે છે. તેની બાજુમાં જ ઊંડી ખીણો બે ભિન્ન ભૂમિસ્વરૂપોનું એકસાથે દર્શન કરાવે છે. પર્વતો પરથી વહેતું પાણી સાંકળરૂપે ખીણમાં ઉતરતું જોવા મળે છે. નજીકમાં ખળખળ વહેતું પાણી અને તેનો નૈસર્ગિક રોમાંચક સ્વર રસ્તા પરથી પસાર થતા વાહનચાલકોનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યા વિના રહેતો નથી.

અહીંના ખેતરોમાં મહુડાનાં ઘટાદાર અને છાયાદાર વૃક્ષોની સંખ્યા માણસો કરતાં વધુ લાગે છે. મકાઈ, દેશી ચોખા અને ધરૂના ચોખાનાં પાકોથી ક્યાંક પીળી તો ક્યાંક લીલી ચુંદડી ઓઢીને બેઠેલી નવવધૂ જેવું દશ્ય સર્જાય છે. દુનિયાદારીથી અલિપ્ત ગામના લોકો ડુંગરોના ખોળામાં અને ખીણોના કાંઠે નાની-મોટી મજૂરી તથા ખેતી કરીને જીવન ગુજારે છે. સુવિધાઓની દષ્ટિએ અહીંનું જીવન કપરું છે, પરંતુ પ્રાકૃતિક દષ્ટિએ ચોખ્ખી હવા, ઠંડું અને આહલાદક વાતાવરણ, અખૂટ પાણી તથા ચોતરફ હરિયાળી જીવનને આનંદમય બનાવી દે છે.

લોકોનું રહેઠાણ પણ વિશિષ્ટ છે. શહેરનો માણસ ઘર બનાવે ત્યારે અનેક સામગ્રી, રાચરચીલું અને નિષ્ણાત કારીગરોની મદદ લે છે. નવું મકાન બનાવતી કે ખરીદતી વખતે તે ખૂબ જાગૃત અને ઘણીવાર ચિંતિત પણ રહે છે. જ્યારે અહીંનો માણસ જંગલની સંપત્તિમાંથી જ પોતાનું આશિયાનું ઊભું કરે છે. આસપાસના પ્રાકૃતિક તત્ત્વોનો સહજ અને સામૂહિક રીતે ઉપયોગ કરે છે. જંગલમાં ઉગતી એક પ્રકારની વનસ્પતિ, જેને સ્થાનિક લોકો 'કરાવા' કહે છે, તેનો ઉપયોગ ઘરની દિવાલો બનાવવા માટે થાય છે. કરાવાને ભેગું કરીને લગભગ દસ દિવસ સુધી પાણીમાં પલાળવામાં આવે છે, જેથી તેમાં ઈયળ કે અન્ય જીવજંતુ ન થાય અને તે મજબૂત બને. ત્યારબાદ તેને ઊભું ગોઠવી બંને બાજુ માટીનું લીંપણ કરીને દિવાલો બનાવવામાં આવે છે. છત પર નળિયાં અને મકાનના સ્તંભ તરીકે જાડા લાકડાનો ઉપયોગ થાય છે.

આ વિસ્તારમાં કાળા નાગ જેવા વાંકા-



**ધોધની નજીક જતાં મન થાય કે તેના મુખ સુધી પહોંચી જઈએ. દૂધ જેવા સફેદ અને બરફ જેવા ઠંડા પાણીનો સ્પર્શ શરીરને તરોતાજા કરી દે છે**


ચૂંકા રસ્તાઓ પર જેમ જેમ આગળ વધીએ તેમ અવનવા પ્રાકૃતિક દશ્યો આંખોને રોમાંચિત કરી મૂકે છે. રાજપીપળાની ટેકરીઓ કરતાં અહીંના ડુંગરોની વિશેષતા એ છે કે એક ડુંગર અચાનક પૂર્ણ થઈ જાય અને તરત જ તેની બાજુમાં ઊંડી ખીણ શરૂ થઈ જાય. બે ડુંગરો વચ્ચે લગભગ ૨૦૦ મીટરથી વધુ ઊંડી ખીણો અહીંની આગવી ઓળખ છે. ડુંગરો પર છૂટાછવાયા વૃક્ષો જોવા મળે છે, જ્યારે ખીણમાં બંને બાજુ કાળા-રાખોડી રંગના ધોવાયેલા પથ્થરો નજરે પડે છે. મેદાનો અહીં ખૂબ ઓછાં છે. એક તરફ ડુંગરો અને બીજી તરફ ખીણો - મેદાનો માત્ર બંનેને જોડતી કડી સમાન લાગે છે.

અહીં આવેલો કુદરતી મોગરી ધોધ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. અક્કલકૂવા તાલુકાના મોગરી ગામ નજીક આવેલ હોવાથી તેને 'મોગરી ધોધ' કહેવામાં આવે છે. અરણ્યસ્નાન માટે આ સ્થળ ખાસ કરીને યુવાનોમાં લોકપ્રિય છે. મોગરી ધોધનું સફેદ પાણી જાણે ભગવાન ડુંગર પરથી મોતીની માળા વરસાવી રહ્યા હોય તેવું લાગે છે. ડુંગર પરથી જોરથી પડતું પાણી વચ્ચેના પથ્થરો સાથે અથડાઈ હજારો નાનાં-નાનાં ટીપાંમાં વિખેરાઈ જાય છે. અવિરત વહેતા પાણીના પ્રવાહથી નીચેના પથ્થરો કાળા અને અત્યંત લીસ્સા બની ગયા છે. પગથિયા જેવા આ પથ્થરો પર બેસીને સ્નાન કરવાનો આનંદ અદ્વિતીય છે. બાથરૂમનો એક ફુવારો જેટલો આનંદ આપે છે, તેનાથી અનેકગણો આનંદ અહીં હજારો કુદરતી ફુવારાઓ વચ્ચે મળે છે. ધોધની નજીક જતાં મન થાય કે તેના મુખ સુધી પહોંચી જઈએ. દૂધ જેવા સફેદ અને બરફ જેવા ઠંડા પાણીનો સ્પર્શ શરીરને તરોતાજા કરી દે છે. જ્યાં પાણીનો પ્રવાહ વધુ હોય ત્યાં પડતું પાણી જાણે ઠંડા ડામ આપતું હોય તેવી અનુભૂતિ થાય છે. પલાંઠી વાળીને ધોધ નીચે બેસી જઈએ તો આંખો આપોઆપ બંધ થઈ જાય છે. માથા ઉપરથી પડતું જળ એક અલૌકિક અને આધ્યાત્મિક અનુભૂતિ કરાવે છે. મને તો અહીં બેસીને સાક્ષાત ભગવાન શંકરનું સ્મરણ થઈ આવ્યું. સફળતા-નિષ્ફળતા, અહંકાર, મોહ-માયા, આવક-જાવક - બધું જ થોડી ક્ષણ માટે ભૂલાઈ જાય અને મન પાણીની જેમ નિર્મળ બની જાય એવું આ સ્થળ છે. દુનિયાદારીની બહાર પણ એક અલગ જ જગત છે, તેવી અનુભૂતિ અહીં થાય છે. થોડીવાર સ્નાન કર્યા પછી અંદરનો આધુનિક માનવી ફરી જાગૃત થયો અને કશુંક સંઘરી રાખવાની વૃત્તિથી અમે સેલ્ફી (જાતફોટો) લીધી. મિત્રો સાથે ઘણી તસવીરો ખેંચી. ધોધમાંથી બહાર નીકળવાની બિલકુલ ઈચ્છા નહોતી થતી, પરંતુ સમય, આપણી યોજનાઓ અને રોજિંદી પ્રવૃત્તિઓ ફરી આપણને પોતાની તરફ ખેંચી લે છે. ખીણમાંથી ડુંગર તરફ ચડતાં મનમાં અનેક પ્રશ્નો ઉદ્ભવે છે - શું ભૌતિક રીતે માનવીએ જે મેળવ્યું છે તેનાથી તે ખરેખર સંતોષી છે? શું ભૌતિક જીવનથી દૂર, અંતરિયાળ વિસ્તારોમાં રહેતા લોકો સારું જીવન નથી જીવતા? શું માત્ર ભૌતિકવાદથી જ પરમ સુખ અને શાંતિ મળી શકે? કે પછી સાચી સુખ-શાંતિ આપણે ક્યાંક પાછળ જ છોડી દીધી છે?

- પ્રવીણ ચૌધરી

## દાન ચોરીના મુદ્દે વિપક્ષ શાંત, પણ યોગી કેમ સક્રિય?

એ વાત કુતૂહલપૂર્ણ છે કે અયોધ્યાના રામ મંદિરમાં દાનની ચોરીના મુદ્દે વિપક્ષના નેતા રાહુલ ગાંધી કરતાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ વધુ અવાજ ઉઠાવી રહ્યા છે. અત્યાર સુધી રાહુલ ગાંધીએ આ મુદ્દે એક પણ નિવેદન આપ્યું નથી કે ટ્વિટ કર્યું નથી.




આ બાબત વિચિત્ર છે કારણ કે સામાન્ય રીતે તેઓ RSS-BJP પર પ્રહાર કરવાની કોઈ તક ચૂકતા નથી. બીજી તરફ, આદિત્યનાથ આ મુદ્દે સતત વાત કરી રહ્યા છે. ચોરીની ઘટના જાહેર થયાના એક મહિનામાં તેમણે ઉત્તર પ્રદેશના ચાર અલગ-અલગ સ્થળોએ યોજાયેલી રેલીઓમાં આ મુદ્દો ઉઠાવ્યો છે. તેઓ એક તરફ રામ મંદિરના ટ્રસ્ટીઓનો બચાવ કરે છે તો બીજી તરફ ભગવાન રામના વારસાને કલંકિત કરવા બદલ વિપક્ષને 'હિન્દુ-વિરોધી' ગણાવીને તેમના પર આકરા પ્રહારો કરે છે. આદિત્યનાથ સ્વાભાવિક રીતે જ વિપક્ષને રક્ષણાત્મક સ્થિતિમાં મૂકવા માંગે છે જેથી તેઓ આવતા વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં દાનની ચોરીના મુદ્દાનો રાજકીય લાભ ન ઉઠાવી શકે. પરંતુ ભાજપના વર્તુળોમાં એવી ચર્ચા છે કે અહીં ભાજપની આંતરિક રાજનીતિ પણ કામ કરી રહી છે. ભાજપના ઘણા લોકો માને છે કે વારંવાર આ મુદ્દાનો ઉલ્લેખ કરીને તેને લોકોની સ્મૃતિમાં જીવંત રાખીને, આદિત્યનાથ કેન્દ્ર સરકારને પણ ભીંસમાં મૂકવાનો પ્રયાસ કરી રહ્યા છે. છેવટે, આ તમામ ટ્રસ્ટીઓની નિમણૂક કેન્દ્ર સરકાર દ્વારા જ કરવામાં આવી હતી. જોકે કોઈ પણ ટ્રસ્ટીની સંડોવણી હોવાના કોઈ પુરાવા નથી, તેમ છતાં કરોડો રૂપિયાની ગેરરીતિ કે ઉચાપતની આ ઘટના તેમની દેખરેખ હેઠળ બની હતી. બે ટ્રસ્ટીઓ, ચંપત રાય અને અનિલ મિશ્રાએ નૈતિક જવાબદારી સ્વીકારીને રાજીનામાં આપ્યા છે. એવા સંકેતો પણ મળી રહ્યા છે કે કેન્દ્ર સરકાર ટ્રસ્ટનું માળખું બદલી શકે છે અને CEO સાથે નવી વ્યવસ્થા ઊભી કરી શકે છે. આદિત્યનાથના આ પગલાં એવી અટકળો વચ્ચે લેવામાં આવી રહ્યા છે કે આવતા વર્ષે ઉત્તર પ્રદેશની ચૂંટણી પહેલાં તેમને બદલવામાં આવી શકે છે.

ઈધર-ઉધરકી

આરતી જેરથ

## ભક્તોની શ્રદ્ધા પર ટિપ્પણીથી ભાજપ ઘેરાયું

ભાજપના બેફામ બોલતા નેતાઓ સતત પક્ષને શરમમાં મૂકી રહ્યા છે. આ શ્રેણીમાં તાજેતરનું નામ યુપી વિધાનસભાના અધ્યક્ષ સતીશ મહાનાનું છે, જેમણે અયોધ્યામાં રામ મંદિરની મુલાકાત લેનારા કેટલાક ભક્તોની શ્રદ્ધા પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે જે દાનની ચોરી થઈ હતી, તે એવા લોકોએ આપ્યું હતું જેમણે સાચી શ્રદ્ધા અને ભક્તિભાવથી દાન આપ્યું ન હતું. વિપક્ષે આ નિવેદનને હાથોહાથ લીધું છે અને મહાનાને પૂછ્યું છે કે શું શ્રદ્ધા માપવા માટે કોઈ જીપીએસ (GPS) છે? જોકે, ભાજપની અંદર મહાનાની આ ટિપ્પણીને કારણે અસંતોષ કે બેચેની ફેલાઈ છે, કારણ કે તેનાથી મંદિરે જનારા હિન્દુઓની શ્રદ્ધા પર સવાલ ઊભા થયા છે. યુપી વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના મહિનાઓ જ બાકી છે ત્યારે હિન્દુઓ પર કરવામાં આવતી આવી કોઈપણ ટિપ્પણી પક્ષ માટે શરમજનક સ્થિતિ સર્જી શકે છે.



## NCPનું આગલું પગલું શું? NDA કે કોંગ્રેસ?

શરદ પવારની NCPના આગામી પગલાં અંગે ફરી અટકળો તેજ બની છે. શું તે NDAમાં જોડાશે કે કોંગ્રેસમાં વિલીન થશે? આ અટકળો પક્ષના કાર્યકારી પ્રમુખ અને શરદ પવારના પુત્રી સુપ્રિયા સુલેના નિવેદનોને કારણે શરૂ થઈ છે. તેમણે સંકેત આપ્યો છે કે જો સરકાર તમામ રાજ્યોમાં બેઠકોની સંખ્યામાં ૫૦% વધારો કરવાની ખાતરી આપે, તો પક્ષ સંસદમાં સીમાંકન ખરડા (delimitation bill)ને સમર્થન આપવા અંગે વિચારણા કરી શકે છે. સુલે અને શરદ પવારને નજીકથી જાણનારાઓનું કહેવું છે કે આ તેમની રહસ્ય જાળવી રાખવાની અને કોંગ્રેસ સાથે સોદાબાજી કરવાની પદ્ધતિ છે. કહેવાય છે કે સુલે ભાજપ સાથે કોઈપણ પ્રકારના ગઠબંધનની સખત વિરોધી છે. તેઓ કોંગ્રેસની, અને ખાસ કરીને રાહુલ ગાંધીની ઘણી નજીક છે. જોકે, સુલે અને પવાર બંને પોતાની શરતો પર વિલીનીકરણ ઈચ્છે છે. પવાર ઈચ્છે છે કે સુલેને કોંગ્રેસમાં નેતૃત્વનું પદ મળે જેથી તેમનું ભવિષ્ય સુરક્ષિત રહે અને તેમનો રાજકીય વારસો જળવાઈ રહે. વાસ્તવમાં, એવું માનવામાં આવે છે કે ગાંધી પરિવાર શરદ પવારની NCP અને મમતા બેનર્જીની TMC - બંનેનું કોંગ્રેસમાં વિલીનીકરણ કરાવવા માટે ઉત્સુક છે, જેને એક પ્રકારની 'ઘરવાપસી' (homecoming) તરીકે જોવામાં આવે છે. NCP અને TMC બંને કોંગ્રેસમાંથી જ અલગ થયેલા પક્ષો છે. જોકે, પશ્ચિમ બંગાળ અને મહારાષ્ટ્રમાં કોંગ્રેસના સ્થાનિક એકમો તરફથી વિરોધ જોવા મળી રહ્યો છે, જેના કારણે ગાંધી પરિવાર સાવચેતીપૂર્વક આગળ વધી રહ્યો છે.



# કાવ્યા રાણાના આગળ વધતાં પગલાં તો માથાકૂટને આમંત્રણ સમાન હતાં

પોલીસ અને ફોરેન્સિક ટીમ ભારે જહેમત બાદ ચિંચલી પાસેની ખાઈમાં લાશ સુધી પહોંચી. લાશની હાલત ખૂબ ખરાબ હતી. ચહેરો ઓળખાય એવો રહ્યો નહોતો. શરીર પર ઠેરઠેર ઉઝરડા પડેલા હતા. ઘણી જગ્યાએ મોટા ઘા દેખાતા હતા.

પોલીસે લાશની આસપાસના થોડા વિસ્તારમાં શોધખોળ કરી, પરંતુ કોઈ કામની ચીજ મળી નહીં. મૃતક પાસે મોબાઈલ ફોન નહોતો અને આસપાસ પણ પડ્યો નહોતો. શું કોઈએ મોબાઈલ ફોન લઈ લીધો હશે? કોણે? શા માટે?

•••

ક્રાઈમ કોડ

પ્રફુલ શાહ

ગુજરાતી અસ્મિતાનો આગવો મિજાજ એટલે ડાંગ દરબાર. ડાંગના પાંચ ભીલ રાજવીઓનું સન્માન અને તેમની શાહી સવારી જોવા દર વર્ષની જેમ ભારે ભીડ ઉમટી હતી. પ્રભારી મંત્રી કુંવરજી હળપતિના હસ્તે પાંચ રાજવીઓના સન્માન સાથે મેળાનો ભવ્ય પ્રારંભ થયો. આ પરંપરા છેક ૧૮૪૨થી ચાલતી આવે છે. ડાંગના ભીલ રાજાઓને પેન્શન આપવાની પ્રથા હજુ પણ ચાલુ છે. રંગબેરંગી ફૂલોથી સજાવેલી બગીઓમાં આ રાજવીઓની શોભાયાત્રા નીકળી. ડાંગ ઉપરાંત મહારાષ્ટ્ર, રાજસ્થાન, આસામ અને મધ્ય પ્રદેશના આદિવાસીઓની સહભાગિતાથી યોજાયેલા અસલ આદિવાસી સંસ્કૃતિના નૃત્યો કાયમની જેમ મુખ્ય આકર્ષણ બન્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાતના રાજ્યપાલ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિ રહી હતી.

આ સમયે સરકારી બેડામાં એક ઉચાટ હતો, અજંપો હતો, ગણગણાટ હતો અને બધું શાંતિપૂર્વક સમુસૂતરું પાર પડે એવી અદમ્ય ઈચ્છા હતી, પ્રાર્થના હતી. પરંતુ પ્રાર્થના સંભળાશે ખરી? કોઈ પાસે જવાબ નહોતો. માત્ર આશા હતી, મૌનની સંગતમાં. ભલે રોજ શબ્દ શક્તિશાળી લાગે, પણ ત્યારે મૌન મહાશક્તિશાળી ભાસતું હતું.



•••

ચિંચલી પોલીસ સ્ટેશનમાં આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર કાવ્યા રાણા ક્યારની ગુમશુદા આયેશાનો ફોટો જોઈ રહી હતી. ઝડપભેર આયેશાને શોધીને પાછી લાવીશું અને તેના લાપતા થવાના કેસને ટોપ પ્રાયોરિટી આપીશું, એવું અષ્ટમપષ્ટમ સમજાવીને અને ગળે ઉતારીને માંડમાંડ તેના ફરિયાદી પતિ સેબાસ્ટિયન ગોન્સાલવિસ ઉર્ફે સબાને રવાના કર્યો.

કડક, મીઠી અને મસાલેદાર ચાની પહેલી ચુસ્કી લીધી, ત્યાં કાવ્યા રાણાનો મોબાઈલ ફોન રણક્યો: 'તુમ્હેં અપના બનાને કી કસમ ખાઈ હૈં...'

ચામાં માખી પડી હોય એમ મોઢું કટાણું કરીને તેણે મોબાઈલ સામે જોયું. કોલ હતો પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અને પોતાના ઈન્સ્પેક્ટર નીરવ ત્રિવેદીનો.

કાવ્યાને ગમ્યું. શર્ટનો કોલર સરખો કરીને માથાના વાળ પર હાથ ફેરવીને એ રિંગટોન સાથે સૂર મેળવવા લાગી: 'તુમ્હેં અપના બનાને કી કસમ ખાઈ હૈં...'

'હેલો... સોરી સર. એક ઈમ્પોર્ટન્ટ કેસ હતો એટલે મોડું...'

'હમણાં ને હમણાં નીકળીને હેડક્વાર્ટર પહોંચો. અર્જન્ટ.'

કાવ્યા 'યસ સર' પૂરું કરે એ પહેલાં જ સામેથી ફોન કાપી નાખવામાં આવ્યો. તે ફોન સામે જોઈ રહી. ફોનને ચુંબન કરતાં બોલી, 'ક્યા સ્ટાઈલ હૈ... પણ સામે કાવ્યા છે... આ રાણા સામે શાણા પણ લાંબું નથી ટક્યા અને તમે તો સાવ સીધા છો, સર...'

**આસિસ્ટન્ટ સબ-ઇન્સ્પેક્ટર કાવ્યા રાણા કેબિનની બહાર નીકળીને ઉતાવળે પગલે કૃતિ તરફ આગળ વધી, આ પગલાં મોટી માથાકૂટને આમંત્રણ સાબિત થવાનાં હતાં**

•••

પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ સુરેન્દ્ર પુષ્કર્ણા સામે લોકલ ક્રાઈમ બ્રાન્ચના ઈન્સ્પેક્ટર જયદીપ રાઠોડ, ચિંચલી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર નીરવ ત્રિવેદી અને આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર કાવ્યા રાણા ઉપરાંત કેટલાંક પોલીસકર્મીઓ બેઠા હતા.

કાવ્યા રાણાની નજર પુષ્કર્ણા અને રાઠોડ પરથી હટતી નહોતી. તેણે મનોમન ગણતરી માંડી અને જવાબનો તાળો મેળવી લીધો કે ત્રિવેદી સર કરતાં રાઠોડ સર અને મોટા સાહેબ પુષ્કર્ણા પાછળ મહેનત કરવામાં વધુ અને મોટા ફાયદા થાય. પણ એ લોકો સાથે સમય વિતાવવાનો મોકો મળવો જોઈએ. એટલે અત્યારે મળેલી તકનો શક્ય એટલો વધુ લાભ લેવાનો તેણે નિર્ણય કરી લીધો.

પુષ્કર્ણા બ્રિફિંગ કરી રહ્યા હતા, પરંતુ કાવ્યાનું ધ્યાન ત્યાં નહોતું. બધાને કામ સોંપીને પુષ્કર્ણાએ કાવ્યા સામે જોયું. ત્યાં જ ચા લાવેલા પ્યુને દરવાજો ખોલતાં થયેલા અવાજથી એ તંદ્રામાંથી બહાર આવી.

પુષ્કર્ણાએ કાવ્યાને પાનો ચડાવ્યો, 'મિસ રાણા, અત્યાર સુધી કોઈ શકમંદ પાસેથી કંઈ જ કામનું મળ્યું નથી. તમે લેડી ઓફિસર તરીકે કૃતિને બોલતી કરી શકશો એવો વિશ્વાસ રાખી શકું?'

'યસ... યસ સર. થેન્ક યુ સર. હું કૃતિ પાસે જઈ શકું?' પૂછતાંની સાથે જ એ ઊભી થઈ ગઈ.

પુષ્કર્ણાએ માથું હલાવ્યું અને રાઠોડે સ્મિત સાથે જમણા હાથનો અંગૂઠો ઊંચો કરીને શુભેચ્છા આપી.

**અતા-પતા-લાપતા -12**

આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર કાવ્યા રાણા કેબિનની બહાર નીકળીને ઉતાવળે પગલે કૃતિ તરફ આગળ વધી, આ પગલાં મોટી માથાકૂટને આમંત્રણ સાબિત થવાનાં હતાં. અત્યાર સુધીની શાંતિ છતાં હવે આકરા વિવાદનાં કાળાં વાદળો ઘેરાવાનાં હતાં.

એ જ સમયે સુરેન્દ્ર પુષ્કર્ણાના ફોનની બેલ વાગી. એ ફોન નવા આંચકા આપવાનો હતો. વર્દીધારીઓની શાંતિ, તરસ, ભૂખ, ઊંઘ અને આબરુ પર જોખમ તોળાવા માંડ્યું હતું.

(ક્રમશઃ)

સટ્ટાક —— કમલ ——

